# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૧/૦૩/૨૦૨૩

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી જનરલ)

---

## જીઇઆરસી સપ્લાય કોડ કમિટીએ હાય ટેન્શન કનેકશનની મર્યાદા ૫૦૦૦ કિલોવોટ અને લો ટેન્શન કનેકશનની મર્યાદા ૧૫૦ કિલોવોટ કરવા ગુજરાત ઇલેકટ્રીસિટી રેગ્યુલેટરી કમિશનને ભલામણ કરી

### ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતે જીઇઆરસીના સપ્લાય કોડ સંદર્ભે સુધારા સૂચવવા હેતુસર મળેલી મિટીંગમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રજૂઆતો કરાઇ

**સુરત.** ઇલેકટ્રીસિટી સપ્લાય કોડ રિવ્યુ પેનલ દ્વારા આજરોજ સવારે ૧૧:૩૦ કલાકે ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતે જીઇઆરસીના સપ્લાય કોડ સંદર્ભે સુધારા સૂચવવા બાબતે ૨૫ મી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના ચીફ એન્જીનિયર ટેકિનકલ જે.જે. ગાંધીની અધ્યક્ષતા હેઠળ આ મિટીંગ મળી હતી. જેમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (જેટકો), ગુજરાત ઇલેકટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન (જર્ક), ટોરેન્ટ પાવર તથા જીઇઆરસી સપ્લાય કોડ કમિટીના તમામ સભ્યો ઉપસ્થિત રહયા હતા.

આ મિટીંગમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને જામનગરના ઔદ્યોગિક સંગઠનના પ્રતિનિધિઓ પણ હાજર રહયા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિએ આ મિટીંગમાં રજૂઆતો કરી હતી કે, જીઇઆરસી સપ્લાય કોડમાં હાય ટેન્શન કનેકશનની મર્યાદા જે હાલમાં ૪૦૦૦ કિલોવોટ છે તેને વધારીને ૫૦૦૦ કિલોવોટ કરવામાં આવે. આ ઉપરાંત લો ટેન્શન કનેકશનમાં ૧૦૦ કિલોવોટની મર્યાદાને વધારીને ૧૫૦ કિલોવોટ સુધી લઇ જવામાં આવે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગત તા. ૩ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ પણ આ સંદર્ભે રજૂઆત કરવામાં આવી હતી. આ સંદર્ભે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા પણ રજૂઆત કરાઇ હતી અને ઇલેકટ્રીસિટી સપ્લાય કોડ રિવ્યુ પેનલની ૨૪મી મિટીંગમાં પણ આ સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. દરમ્યાન આજરોજ ફરીથી આ મિટીંગમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિએ ઉપરોકત સંદર્ભે રજૂઆત કરી હતી. અંતે આજની મિટીંગમાં ચેમ્બરના આ પ્રસ્તાવને જીઇઆરસી સપ્લાય કોડ કમિટી દ્વારા મંજૂર કરી ગુજરાત ઇલેકટ્રીસિટી રેગ્યુલેટરી કમિશનને આ અંગે ભલામણ કરી હતી.

હવે ગુજરાત ઇલેકટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા આ અંગે ટેકિનકલ અભિપ્રાય મેળવવામાં આવશે અને ડ્રાફટ સપ્લાય કોડ ટુંક સમયમાં બહાર પાડવામાં આવશે. ત્યારબાદ એના પર હીયરીંગ કરી હિયરીંગમાં જે રજૂઆત થશે એ પ્રમાણે નિર્ણય લઇને નવા સપ્લાય કોડ અમલમાં મુકાશે.

આ મિટીંગમાં કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટ મીટરને લાગુ કરવા સંદર્ભે જે પહેલ કરી છે તે અંગે પણ ચર્ચાઓ થઇ હતી. આગામી ઓગષ્ટ– ૨૦૨૩ થી રાજ્યની ચારેય સરકારી ડિસ્કોમ દ્વારા તમામ પ્રકારના ગ્રાહકોને ત્યાં સ્માર્ટ મીટર લગાવવાની ઝૂંબેશ હાથ ધરવામાં આવશે. આ અંગે ગુજરાત ઇલેકટ્રીસિટી રેગ્યુલેટરી કમિશનના સપ્લાય કોડમાં પણ કમિટી દ્વારા સૂચવવામાં આવેલા સુધારા જરૂરી હોવાથી ઉપરોકત કાર્યવાહી જીઇઆરસીનો નવો સપ્લાય કોડ લાગુ થયા બાદ અમલમાં મુકવામાં આવશે.